## સારાંશ

## ટીપીએલ-ડી(ડીએસઆઇઆર) દ્વારા (કેસ નંબર ૨૫૮૮/૨૦૨૫) માનનીય જીઇઆરસી સમક્ષ

## દાખલ કરવામાં આવેલી અરજી

## ટોરેન્ટ પાવર લીમીટેડ-ધોલેરા સપ્લાય એરિયા (ટીપીએલ-ડી(ડીએસઆઇઆર))

### પૂર્વભૂમિકા

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૨૪ની જોગવાઇઓ મુજબ ટીપીએલ-ડી(ડીએસઆઇઆર) એ આ અરજી માનનીય કમિશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

૧. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે એઆરઆરનું ટ્રુઇંગ-અપ

૨. નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે એઆરઆરનું નિર્ધારણ

૩. નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ ની ખાધ/ (પુરાંતનું) નિર્ધારિણ

૪. નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિજદરનું નિર્ધારિણ

### નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ટ્રુ-અપ

૧.૨ માનનીય કમિશને નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે બિઝનેસ પ્લાનને મંજૂરી આપી છે અને નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ડીએસઆઇઆરના ગ્રાહકો પાસેથી દહેજ એસઇઝેડ વિસ્તારના સમયાંતરે લાગુ પડતાં ટેરિફ વસૂલવાની પણ મંજૂરી આપી છે.

૧.૩ ટીપીએલ-ડી(ડીએસઆઇઆર) એ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬, મુજબ માનનીય કમિશન સમક્ષ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ ની વાસ્તવિક વિગતોના આધારે ટ્રુ અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ શરુઆતના તબકકાના કાર્યકાજનાં કારણે ટીપીએલ-ડી(ડીએસઆઇઆર) એ તેનાં એઆરઆરના તમામ પરિબળોને અનિયંત્રિત ધ્યાને લીધેલ છે.

૧.૫ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે વીજળીની જરુરીયાત વાસ્તવિક વેચાણ અને વાસ્તવિક વીજ વિતરણ લોસ પર આધારિત છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ધોલેરા પુરવઠા વિસ્તારનું વેચાણ ૬૦.૦૮ એમયુ છે અને વાસ્તવિક વીજ વિતરણ લોસ ૧.૮૨ એમયુ થયેલ છે.

૧.૬ ટ્રુઇ-અપ એઆરઆરની ગણતરી વાસ્તવિક ખર્ચાને આધારે કરવામાં આવી છે. માનનીય કમિશન દ્વારા એફપીપીપીએ સહિત દહેજના મંજૂર થયેલા ટેરિફ શિડયૂલ મુજબ ટેરિફ વસૂલવાની મંજૂરીના આધારે આવક ગણવામાં આવેલ છે. આ રીતે તારવેલ ખાધ/(પુરાંત) નીચેના કોષ્ટકમાં

દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ધોલેરા સપ્લાય વિસ્તારનુ ટ્રુ-અપ આવકની ખાધ/(પુરાંત)**

| રૂ. કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| ઓર્ડર મુજબ એઆરઆર | ૬૯.૦૪ |
| બાદઃ વિજળીના વેચાણથી થતી આવક | ૪૨.૩૬ |
| ખાધ/(પુરાંત) નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે | ૨૬.૬૭ |

૧.૭ કેરિંગ કોસ્ટ સાથે કુલ આવકની ખાધ નીચે મુજબ છે.

**કોષ્ટક ૨: નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ધોલેરા સપ્લાય વિસ્તારની કુલ આવકની ખાધ/(પુરાંત)**

| રૂ. કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| ખાધ/(પુરાંત) નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે | ૨૬.૬૭ |
| કેરિંગ કોસ્ટ | ૪.૭૪ |
| કુલ ખાધ/(પુરાંત) નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે | ૩૧.૪૧ |

૧.૮ ટીપીએલ-ડી(ડીએસઆઇઆર) માનનીય કમિશનને ઉપરોક્ત કેરિંગ કોસ્ટ સાથે કુલ આવકની ખાધની વસૂલાત કરવા માટે દરખાસ્ત કરેલ છે.

**નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે એઆરઆર**

૧.૯ ટીપીએલ-ડી(ડીએસઆઇઆર) એ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે એઆરઆર અને નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના વીજ દર નિર્ધારણ માટેની અરજી જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૨૪ની જોગવાઇઓ અનુસાર દાખલ કરી છે.

૧.૧૦ અંદાજીત એઆરઆર નીચેના અનુમાનો પર આધારિત છેઃ

એ) <u>વીજ વેચાણના અંદાજો:</u> ગ્રાહકોના અંદાજીત ડેવલપમેન્ટ પ્લાન મુજબ તેમના વીજભાર અને વીજ વપરાશની અંદાજીત માહિતીના આધારે અંદાજીત વીજ વેચાણ તારવવામાં આવેલ છે.

બી) <u>વીજ વિતરણ લોસ</u> અને <u>ઓ એન્ડ એમ ખર્ચ</u>ઃ વીજ વિતરણ લોસ અને ઓ એન્ડ એમ ખર્ચ ટેરીફ પોલિસીમાં નિર્ધારિત સિધ્ધાંતો, એમવાયટી રેગ્યુલેશન્સ, ૨૦૨૪ અને માનનીય કમિશનના લાગુ આદેશો અનુસાર ધ્યાનમાં લીધેલ છે.

સી) <u>વીજ ખરીદી ખર્ચ</u> ઃ ટીપીએલ-ડી(ડીએસઆઇઆર) નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માં વીજ જરુરીઆત પુરી કરવા દ્વિપક્ષીય કરાર/ પાવર એક્ષચેન્જ અને પુન:પ્રાપ્ય (રીન્યુએબલ) ઉર્જા સ્ત્રોતો દ્વારા પાવર મેળવાનો દરખાસ્ત કરેલ છે.

ડી) <u>મૂડી ખર્ચ યોજના:</u> ગ્રાહકોની માંગને પહોંચી વળવા તેમજ વિશ્વસનીય અને ગુણવત્તાયુક્ત વીજળી આપવાના હેતુથી ટીપીએલ એ વીજ વિતરણ નેટવર્કના વિકાસ માટે યોગ્ય મૂડી રોકાણ ની યોજના બનાવી છે. ધોલેરા સપ્લાય વિસ્તારના મહત્વના મૂડી ખર્ચમાં ઇએચવી યોજનાઓ , એચટી યોજનાઓ એલટી નેટવર્ક યોજનાઓ અને મીટર મેનેજમેન્ટ વગેરે યોજનાઓનો સમાવેશ થાય છે.

૧.૧૧ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ધોલેરા સપ્લાય વિસ્તારનું નિર્ધારિત એઆરઆર નીચે કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૩: ધોલેરા સપ્લાય વિસ્તારના નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું એઆરઆર**

| રૂ. કરોડમાં | નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ |
|---|---|
| પાવર પરચેઝ | ૨૦૯.૭૮ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૬.૬૯ |
| ઘસારો | ૧૦.૫૪ |
| વ્યાજ ખર્ચ | ૧૨.૮૦ |
| કાર્યકારી મૂડી પર વ્યાજ | ૨.૪૯ |
| સીક્યોરીટી ડિપોસીટ પર વ્યાજ | ૧.૦૯ |
| ઘાલખાધ | - |
| કન્ટિન્જસી રીઝર્વ | ૧.૦૫ |
| ઇક્વિટી પર મળવાપાત્ર વળતર આવકવેરા સહિત | ૧૨.૮૭ |
| બાદ: બિન-ટેરિફ આવક | ૦.૦૨ |
| એઆરઆર | **૨૫૭.૨૮** |

**નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટેની ખાધ/(પુરાંત)ઃ**

૧.૧૨ ટીપીએલ-ડી(ડીએસઆઇઆર) રજૂ કરે છે કે નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે પાવરના વેચાણથી થતી આવકની ગણતરી દહેજ સપ્લાય એરિયાના હાલના ટેરિફ દરોને અને રૂ.૨.૧૫ પ્રતિ યુનિટના હાલના બેઝ એફપીપીએએસ ચાર્જને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. તેથી, ઓપન એકસેસ સહિત વીજળીના વેચાણમાંથી થતી અંદાજિત આવક નીચે મુજબ છે :

**કોષ્ટક ૪: નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ધોલેરા પૂરવઠા વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| રૂ. કરોડમાં | |
|---|---|
| એઆરઆર | ૨૫૭.૨૮ |
| બાદ ઃ | |

| રૂ. કરોડમાં | |
|---|---|
| વર્તમાન વીજદર સાથેના હાલના બેઝ એફપીપીએએસ સહીત વીજળીના વેચાણથી થતી આવક | ૨૦૮.૮૯ |
| ઓપન એક્સેસમાંથી થતી આવક | ૧.૧૪ |
| | |
| **ખાધ/(પુરાંત)** | **૪૭.૨૫** |

૧.૧૩ ટીપીએલ-ધોલેરા એ માનનીય કમિશનને ઉપર દર્શાવેલ એફપીપીએએસ અને ખાધ/(પુરાંત)ને મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૪ ટીપીએલ-ડી(ડીએસઆઇઆર) એ કેરીંગ કોષ્ટ ની ગણતરી લાગુ પડતાં પ્રવર્તમાન સિધ્ધાંતો અનુસાર કરી છે.

૧.૧૫ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટેના વીજદર નિર્ધારણ માટેની આવકની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫: નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના દર નિર્ધારણ માટે ધોલેરા પૂરવઠા વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| રૂ. કરોડમાં | |
|---|---|
| નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ખાધ/(પુરાંત) | ૨૬.૬૭ |
| વ્યાજખર્ચ (કેરીંગ કોષ્ટ) | ૪.૭૪ |
| | |
| નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ ની ખાધ/(પુરાંત) | ૪૭.૨૫ |
| | |
| **સંચિત ખાધ/(પુરાંત)** | **૭૮.૬૬** |

૧.૧૬ ટીપીએલ-ડી(ડીએસઆઇઆર) દ્વારા દહેજ એસઇઝેડના ટીઓડી ટેરિફ સહિતનાં સમયાંતરે સુધારેલા વીજદરને અમલમાં મૂકવાની દરખાસ્ત કરેલ છે. તદ્નુસાર, ટીપીએલ-ડી(ડીએસઆઇઆર) દ્વારા હાલના ટેરિફ અને હાલના બેઝ એફપીપીએએસ ચાર્જને ચાલુ રાખવાનો પ્રસ્તાવ કરેલ છે. વધુમાં ટેરિફની વાસ્તવિક વસૂલાતનાં આધારે ઉત્પન્ન થતી ખાધ/(પુરાંત) ને નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના ટ્રુ-અપના સમયે ધ્યાનમાં લેવામાં આવશે.

૧.૧૭ ટીપીએલ-ડી દ્વારા વર્તમાન ટેરિફ શિડયુલમાં બે ફેરફારો કરવાની દરખાસ્ત કરેલ છે. (૧) અરજીમાં ઉલ્લેખિત નાઇટ-ટાઇમ રિબેટના બદલે સોલાર કલાકો માટે રિબેટ લાગુ કરવાનો પ્રસ્તાવ અને (૨) અરજીમાં ઉલ્લેખિત પીક કલાકો સવારે ૨ કલાક અને સાંજે ૬ કલાક કરવાનો પ્રસ્તાવ કરેલ છે.

૧.૧૮ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે, ટીપીએલ-ડી (ડીએસઆઈઆર) એ રૂ.૦.૯૦ પ્રતી યુનીટ ના વધારાના વીજદરે "ગ્રીન ટેરિફ" ને ચાલુ રાખવાની દરખાસ્ત કરેલ છે.

## Summary

**Petition filed by TPL before Hon'ble GERC vide Case No. 2588/2025**

**Torrent Power Limited - Dholera Supply Area (TPL-D(DSIR))**

**Background:**

1.1 As per the provisions of the GERC (Multi Year Tariff) Regulations, 2016 read with GERC (Multi Year Tariff) Regulations, 2024, the TPL-D(DSIR) has filed this petition before the Hon'ble Commission for approval of:

a) Truing up of ARR for FY 2024-25,

b) ARR for FY 2026-27,

c) Determination of Gap/(Surplus) for FY 2026-27, and

d) Determination of tariff for FY 2026-27

**True Up for FY 2024-25**

1.2 The Hon'ble Commission had been pleased to approve the business plan for FY 2024-25 and also permitted to levy the tariff of Dahej SEZ area, as amended from time to time, to the consumers of DSIR during FY 2024-25.

1.3 TPL-D(DSIR) has submitted this petition based on the actuals of FY 2024-25 for the purpose of truing up of FY 2024-25 in accordance with the GERC MYT Regulations, 2016.

1.4 Owing to nascent stage of operation, TPL-D(DSIR) has considered all parameters of ARR as uncontrollable.

1.5 The energy requirement is based on the actual sales and the actual T&D losses for FY 2024-25. During FY 2024-25, the sales for Dholera supply area is 60.08 MUs and the distribution loss is 1.82 Mus.

1.6 The trued up ARR has been arrived at by considering the actual expenses. The revenue is considered based on approval of Hon'ble GERC to charge tariff as per the approved tariff schedule of Dahej including FPPPA. The Gap/(Surplus) thus worked out is shown in the table below.

**Table 1: Revenue Gap/(Surplus) of Dholera Supply Area for FY 2024-25**

| All figures in Rs. Cr. | Actual |
|---|---|
| Aggregate Revenue Requirement | 69.04 |
| Less: Revenue from Sale of Energy | 42.36 |
| Gap/(Surplus) for FY 2024-25 | 26.67 |

1.7 The total revenue gap along with carrying cost for 2 years is as follows.

**Table 2: Total Revenue Gap/ (Surplus) for Dholera Supply Area for FY 2024-25**

| All figures in Rs. Cr. | Actual |
|---|---|
| Gap/(Surplus) for FY 2024-25 | 26.67 |
| Carrying Cost | 4.74 |
| Total Gap for FY 2024-25 | 31.41 |

1.8 TPL-D(DSIR) has requested the Hon'ble Commission to kindly approve the revenue gap as mentioned above and allow the recovery of the same with carrying cost.

**ARR for FY 2026-27**

1.9 TPL-D(DSIR) has submitted this petition for approval of the Aggregate Revenue Requirement for FY 2026-27 and determination of tariff for FY 2026-27 for TPL-DSIR as per the provisions of the MYT Regulations, 2024.

1.10 The ARR estimation is based on the assumptions as outlined hereunder:

a) Sales Forecast: The energy sales forecast has been done based on the available information of consumer type, load and usage pattern as per the estimated development plan of Dholera Supply Area.

b) Distribution losses and O&M Expenses: The distribution loss and O&M expenses has been considered as per the prevailing methodology in the Tariff Policy read with MYT Regulations 2024.

c) Power Purchase Cost: For FY 2026-27, TPL-D(DSIR) has been proposed to procure power through Bilateral Sources/Power exchange and proposed /tied-up Renewable capacities.

d) Capital Expenditure Plan: TPL-D(DSIR) has planned to undertake prudent capital investments for development of state-of-the-art ready-to-serve distribution network so as to cater to the demand of its consumers and provide

reliable & quality power. The major capital expenditure of Dholera Supply Area includes EHV expenditure schemes, HT expenditure schemes, LT network expenditure schemes, meter management, etc.

1.11 The ARR thus computed for Dholera Supply Area for FY 2026-27 is shown in the table below:

**Table 3: ARR of Dholera Supply Area for FY 2026-27**

| **All Figures in Rs. Crore** | **FY 2026-27** |
|---|---|
| Power Purchase | 209.78 |
| O&M expenses | 6.69 |
| Depreciation | 10.54 |
| Interest on loans | 12.80 |
| Interest on working capital | 2.49 |
| Interest on SD | 1.09 |
| Bad debts | - |
| Contingency reserve | 1.05 |
| RoE incl. income tax | 12.87 |
| **Less:** Non-tariff income | 0.02 |
| **ARR** | **257.28** |

**Revenue Gap/ (Surplus) Analysis for FY 2026-27**

1.12 TPL-D(DSIR) has submitted that revenue from sale of power for FY 2026-27 is estimated by considering existing tariff of Dahej Supply Area on estimated sales and revenue at existing base FPPAS charges of Rs. 2.15/kWh. Accordingly, the projected revenue from sale of power including open access, is as under:

**Table 4: Revenue Gap/ (Surplus) of Dholera Supply for FY 2026-27**

| **All figures in Rs. Crores** | |
|---|---|
| ARR | 257.28 |
| Less: | |
| Revenue from sale of power at existing tariff rates including existing base FPPAS | 208.89 |
| Revenue from Open Access | 1.14 |
| | |
| **Gap/ (Surplus)** | **47.25** |

1.13 TPL-D(DSIR) has submitted to the Hon’ble Commission to consider the FPPAS and gap/ (surplus) as proposed by it.

1.14 TPL-D(DSIR) has also calculated carrying cost as per the settled principle.

1.15 The summary of cumulative revenue gap/ (surplus) for determination of tariff FY 2026-27 is shown in the following table.

**Table 5: Cumulative Revenue Gap/ (Surplus) for determination of tariff of Dholera Supply Area for FY 2026-27**

| **All figures in Rs. Crores** | |
|---|---|
| Gap/ (Surplus) of FY 2024-25 | 26.67 |
| Carrying Cost | 4.74 |
| | |
| Gap/ (Surplus) of FY 2026-27 | 47.25 |
| | |
| **Cumulative Gap/ (Surplus)** | **78.66** |

1.16 TPL-D(DSIR) has proposed to implement the tariff of Dahej SEZ, as amended from time to time including TOD tariff. Accordingly, TPL-D(DSIR) proposes to continue the existing tariff and base FPPAS charges. Further, any Gap/(Surplus) arising based on the actual recovery of tariff will be considered at the time of Truing-up of FY 2026-27.

1.17 Further, TPL-D(DSIR) has proposed two changes in the existing tariff schedule i.e. (1) Introduction of rebate during Solar-Hours in place of rebate during Night-Hours specified in the petition; and (2) Revision of peak hours as 2 hours in the morning & 6 hours in the evening as specified in the petition; for the purpose of TOU charges.

1.18 For FY 2026-27, TPL-D(DSIR) has proposed to continue "Green Tariff" of Rs.0.90 per unit.